અપીલ અરજી નં.૨૬૭ તા.૨૪–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી હિતેશ રતિલાલ શાહ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસથ મહેકમ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેશ રતિલાલ શાહની તા.૧–૧૨–૦૮ની અરજીથી સુમનપાના મુ. આ. નિ. પોસ્ટ તથા જુદા જુદા રોગો અંગે કરેલ રીપોર્ટ વિગેરે અંગે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.
***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૪–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૭/૨૦૦૮–૦૯

શ્રી હિતેશ રતિલાલ શાહની તા.૧–૧૨–૦૮ની અરજીથી સુમનપાના મુ. આ. નિ. પોસ્ટ તથા જુદા જુદા રોગો અંગે કરેલ રીપોર્ટ વિગેરે અંગે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રતિભાવ નહીં મળવાના કારણે તથા મુદ્દા નં.૫ થી ૭ માટે આપેલ માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૫ તા.૨–૧–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.જીએડી/ઈએસટી/૩૮૮૬ તા.૧૨–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે જયારે ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને વિશેષ કોઈ માહિતી મળેલ નથી. પરંતુ અરજદારને તેમના પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૯૦૫ તા.૧૦–૧૨–૦૮ થી પાઠવેલ મુદ્દા નં.૨,૩,૪ તથા પત્ર નં.સા.ઝોન/૭૫૦ તા.૧૧–૧૨–૦૮ થી પાઠવેલ મુદ્દા નં.૫ થી ૭ ની નકલો મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં સુમનપાના મુ. આ. નિ. પોસ્ટ તથા જુદા જુદા રોગો અંગેકરેલ રીપોર્ટ વિગેરે અંગે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/૭૫૦ તા.૧૧–૧૨–૦૮ થી મુદ્દા નં.૫ થી ૭ ની માહિતી પૂરી પાડેલ છે. જયારે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૬૩ તા.૨૨–૧૨–૦૮ થી મુદ્દા નં.૧,૩,૮ અને ૯ ની માંગેલ માહિતી પૂરી પાડેલ છે. અરજદારે અપીલ અરજીમાં કુલ ૧ થી ૯ મુદ્દાની માહિતી માંગેલ જે અનુસંધાનમાં મુદ્દા નં.૫,૬ અને ૭ ની માહિતી મળેલ હોવાનું જણાવેલ છે. મુદ્દા નં.૫ માં જણાવ્યા મુજબ વી.બી.ડી.સી. વિભાગમાં પોસ્ટ ઉભી કરવામાં આવી નથી તે સંદર્ભે કાઢવામાં આવેલ ઓર્ડર નં.૬૮૬ સામેલ છે જેની સ્પષ્ટતા કરવા જણાવેલ. મુદ્દા નં.૬ માં સા.ઝોનમાં તા.૧–૯–૦૮ થી ૩૦–૧૧–૦૮ સુધીમાં ચીકનગુનીયા, ડેન્ગ્યુ ફીવર, ફાલ્સી પેરમ મલેરીયા, અને વાયવેકસ મલેરીયા ના દર્દીના નામ સરનામાંની માહિતી આપેલ નથી. તથા ડે.કમિશ્નર (હેઅનેહો) ને કરવામાં આવેલ રીપોર્ટની નકલ નહીં આપ્યાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૭ માં કચેરી હુકમ નં.સા.ઝોન/ઈએસટી/૬૮૬ તા.૧૨–૧૧–૦૮ મુજબ કચેરી હુકમ કાઢવાની સત્તા છે કે કેમ? તે અંગેની સ્પષ્ટતા કરેલ નથી તથા પાવર ડેલીગેશનની નકલ આપવા જણાવેલ. અરજદારને મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી સમય મર્યાદામાં જાહેર માહિતી અધિકારીએ આપેલ જણાય છે છતાં અરજદારે તે અંગે અપીલમાં હકીકત જણાવેલ નથી.

અરજદારની અરજી મધ્યસ્થ મહેકમના મ. જાહેર માહિતી અધિકારી અને અરજદારની જાણ હેઠળ તા.૨–૧૨–૦૮ ના રોજ તબદીલ થયેલ હોવા છતાં અરજી નિકાલની સમય મર્યાદા દિન–૩૦ ની હોવાની અરજદારને જાણ હોવા છતાં સમય અવધિ પૂર્ણ થતાં પૂર્વે અરજદારે બિન જરૂરી અપીલ કરેલ જણાય છે. અરજદારે મળેલ માહિતીના મુદ્દા નં.૫ થી ૭ અંગે અપીલ કરેલ છે તે પૈકી મુદ્દા નં.૫ અંગે વી.બી.ડી.સી વિભાગમાં કોઈ પોસ્ટ ઉભી કરવાની સત્તા છે કે કેમ તે અંગે આવી પોસ્ટ ઉભી નહીં કરેલ હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. જેથી મુદ્દા નં.૭ અંગે તા.૧૨–૧૧–૦૮ ના હુકમની કાયદેસરતા અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા વહીવટી સરળતા ખાતર વ્યવસ્થા કર્યાનું જણાવેલ છે. તથા વિસંગતતા નહીં હોવાનું પણ જણાવેલ છે. મુદ્દા નં.૬ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા માંગેલ કેસોની સંખ્યાનુ પત્રક પુરું પાડેલ છે. અરજદારે ૬૬૨ જેટલા કેસોના નામ સરનામાંની વિગત નહીં મળ્યાનું અપીલમાં જણાવેલ છે તથા ડે.કમિશ્નર (હેઅનેહો) ને કરેલ રીપોર્ટની નકલ નહીં મળ્યાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા નામ સરનામાં તથા રીપોર્ટની નકલ પૂરી નહીં પાડવા કોઈ અપવાદ કે કારણો રજુ કરેલ નથી.

### ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧–૧૨–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી મુદ્દા નં.૧ થી ૯ પૈકી મુદ્દા નં.૧,૩,૮ અને ૯ ની ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પૂરી પડાયેલ હોય મુદ્દા ૨થી ૪ તથા નં.૫,૬ અને ૭ પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૬ ની માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હિતેશ રતિલાલ શાહ ,